सत्यमेव जयते

| | | |
|---|---|---|
| રજૂ તારીખ :– | | ૧૭–૦૪–૨૦૨૫ |
| દાખલ તારીખ:– | | ૧૭–૦૪–૨૦૨૫ |
| જજમેન્ટ તારીખ:– | | ૧૮–૦૩–૨૦૨૬ |
| આંક:– | ૨૬ | |

**ખંભાળીયાના મે. એડી. મેજીસ્ટ્રેટ સાહેબ શ્રીની અદાલત સમક્ષ,**
**મુ. ખંભાળીયા**

**ફોજદારી કેસ નં.૮૮૫/૨૦૨૫**

**આંક : –**

**ફરીયાદી** : નટુભા જેમલજી જાડેજા,
ઉ. વ. આ. ૭૫, ધંધો – ખેતી,
રહે. ભાતેલ,
તા. જામખંભાળીયા, જી. દેવભુમિ દ્વારકા.

વિરૂધ્ધ.

**આરોપી** : અક્ષય જમનભાઈ ચોપડા,
ઉ.વ.આ. ૩૨, ધંધો–ખેતી તથા ડ્રાઈવીંગ,
રહે. આંબાવાડી સ્કુલ પાછળ, ધરમપુર,
તા. ખંભાળીયા, જી. દેવભુમિ દ્વારકા.

**ગુન્હો : નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ**

---

ફરીયાદ પક્ષ તરફે : **વિ. વ.શ્રી કે.એચ.ત્રીવેદી**
આરોપી પક્ષ તરફે : **વિ.વ.શ્રી કે.એમ.નીમાવત**

---

**-:: ચુકાદો ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, ફરીયાદી ઉપરોકત સરનામે રહીએ છીએ અને આ કામના આરોપી ઉપરોકત સરનામે રહે છે. ફરીયાદી તથા આરોપી વચ્ચે ઘણા સમયથી મિત્રતાના સબંધ રહેલ છે.આ કામના આરોપીએ એક વર્ષ પહેલાં ફરીયાદી પાસેથી આકસ્મીક કારણોસર રૂા. ૧,૫૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પચ્ચાસ હજાર પુરા વગર વ્યાજે હાથ ઉછીનાની માંગણી કરતાં ફરીયાદીએ આરોપી સાથે રહેલ સબંધ દાવે રૂા. ૧,૫૦,૦૦૦/- વગર વ્યાજે હાથ ઉછીના આપેલ અને સદરહુ રકમ રૂા. ૧,૫૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પચ્ચાસ હજાર પુરાની ચુકવણી માટે આરોપીએ તેમના બેંક ઓફ બરોડા ખંભાલીયા શાખાના તેમના ખાતા નં. ૨૬૧૨૦૧૦૦૦૧૯૧૦૬ નો ચેક નાં. ૦૦૦૦૧૦, તા. ૧૫/૦૧/૨૦૨૫ ના રોજનો ફરીયાદી જોગ લખી આપી તેમાં તેઓએ સહી કરી આપેલ અને સદરહુ ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદરહુ ચેક બેંકમાં નાખતા કલીયર થઈ જશે. ઉપરોકત આરોપીએ ફરીયાદીની લેણી રકમ પેટે આપેલ ચેક ફરીયાદીએ યુનીયન બેંક ઓફ ઈન્ડીયા ખંભાલીયા શાખામાં અમારા ખાતામાં તા. ૧૫/૧/૨૦૨૫ ના રોજ જમા કરાવતાં સદરહુ ચેક ભરણામાં જતાં તા. ૧૬/૧/૨૦૨૫ ના રોજ સદરહુ ચેક રીર્ટન મેમોમાં દર્શાવેલ કારણ FUNDS INSUFFICIENT ના શેરા સાથે પરત ફરતાં ફરીયાદીએ આરોપીને ટેલીફોનીક જાણ કરતાં તેઓએ સદરહુ ચેક એક માસ બાદ બેંકમાં જમા કરાવવાનું કહેતાં ફરીયાદીએ સદરહુ ચેક યુનીયન બેંક ઓફ ઈન્ડીયા ખંભાલીયા શાખામાં ખાતામાં તા. ૧૫/૨/૨૦૨૫ ના રોજ જમા કરાવતાં

સદરહુ ચેક ભરણામાં જતાં તા. ૧૭/૨/૨૦૨૫ ના રોજ સદરહુ ચેક રીર્ટન મેમોમાં દર્શાવેલ કારણ FUNDS INSUFFICIENT ના શેરા સાથે પરત ફરતાં ફરીયાદીને ખુબ જ દુઃખ અને આંચકો લાગેલ અને ફરીયાદી સાથે પ્રથમથી જ વિશ્વાસઘાત અને છેતરપીડી કરવાનો ઈરાદો હોય તેવું ફલીત થયેલ. ત્યારબાદ ફરીયાદીએ આરોપીને તા. ૫/૩/૨૦૨૫ ના દીવારની રજી.એડી. મારફત નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે નોટીસ આપેલી અને મજકુર ચેક બાઉન્સ થયા બાબતની તથા રૂા. ૧,૫૦,૦૦૦/– અંકે રૂપીયા એક લાખ પચ્ચાસ હજાર પુરા નોટીસ મળ્યે દિવસ – ૧૫ માં અમોને ચુકતે આપી પહોંચ મેળવી લેવા જાણ કરેલી. સદરહુ નોટીસ આરોપીને તા. ૧૭/૦૩/૨૦૨૫ ના રોજ મળી જવા છતાં આરોપીએ નોટીસનો જવાબ આપેલ નથી કે નોટીસમાં આપેલ સુચનાનું પાલન કરેલ નથી. ફરીયાદનું કારણ હોમતદારે આપેલ ચેક રીર્ટન થતા અને ડીમાન્ડ નોટીસ મોકલતાં જે નોટીસ આરોપીને મળી જવા છતાં આરોપીએ નોટીસનો જવાબ આપેલ નહીં કે નોટીસમાં આપેલ સુચનાનું પાલન નહીં કરતા ત્યારથી આપ સાહેબની હકુમતમાં ઉત્પન્ન થયેલ તે રીતે આરોપીએ સ્પષ્ટપણે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૩૮ નો ગુન્હો કરેલ હોય હાલની ફરીયાદ લાવેલ છે.

(૨) ફરીયાદ રજુ થતા આ કોર્ટ દવારા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૦૪ અન્વયે આ કામના આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના પ્રોસેસ કરવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ બજી જતા આરોપી અદાલત

સમક્ષ હાજર થયેલ છે. આરોપીને ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૦૭ મુજબ ફરીયાદ તથા પેપર્સની નકલો પુરી પાડયાની ખાતરી કરી આરોપીની ફરીયાદ હકીકત મુજબના ગુના સંદર્ભે **આંક–૧૦ થી પ્લી** નોધવામાં આવેલ. સદર નિવેદનમાં આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા સદર કામ ફરીયાદ પક્ષે પુરાવા રજુ કરવા પર રાખવામાં આવેલ.

(૪) **સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

**મૌખીક પુરાવા:–**

| **અ.નં.** | **સાહેદોનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદીનું સરતપાસનું સોગંદનામુ | ૦૫ |

**દસ્તાવેજી પુરાવો :–**

| **અ.નં.** | **દસ્તાવેજનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | આપેલ અસલ ચેક નં. ૦૦૦૦૧૦ | ૦૭ |
| ૨ | આપેલ ચેક રીર્ટન થયેલ તે રીર્ટન મેમો | ૦૮ |
| ૩ | વકીલશ્રી મારફત મોકલેલ નોટીસની સ્થળપ્રત | ૦૯ |
| ૪ | સદર નોટીસ રજી.એડી. કર્યાની રસીદ અસલ | ૧૦ |
| ૫ | સદર નોટીસ આરોપીને મળી ગયા અંગેનો પોસ્ટખાતાનો ઓનલાઈન ટ્રેકિંગ રીપોર્ટ | ૧૧ |

**(૫)** ફરીયાદ પક્ષે પોતાનું આંક-૫ નું સોગંદનામું રજુ કરેલ અને ફરીયાદી મુદતે હાજર રહેતા હતા. ત્યારબાદ આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ લેવામાં આવેલ હતી. ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક-૧૯ થી તેમનો પુરાવો બંધ થયાની પુરસીસ રજુ કર્યા બાદ, આરોપીનું **બી.એન.એસ.એસની કલમ-૩૫૧** મુજબ વધારાનું નિવેદન તૈયાર રાખેલ હોય પરંતુ આરોપી લાંબા સમય થી હાજર રહેતા ન હોય તેથી ફરીયાદપક્ષ ધ્વારા આંક-૨૩ થી તેઓનો એફ.એસ. નોંધવાનો હકક બંધ કરવા માટે અરજી આપવામાં આવેલ જે મંજુર રાખવામાં આવેલ છે. ત્યાર બાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલ દલીલો વિગતે સાંભળવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષે આંક-૨૫ થી આરોપી ની દલીલનો હકક બં ધ કરવા અરજી આપતા તે અરજી નીચે વિગતવાર નો હુકમ કરી આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૬)** ત્યાર બાદ ફરીયાદી ના વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદી એ આરોપીને આકસ્મીક કારણોસર વગર વ્યાજે હાથ ઉછીની રકમ આપેલ છે, જે આરોપીએ નહીં ચુકવી વિશ્વાસઘાત કરેલ છે. આરોપી ઉપર તે કાયદેસરનું લેણું છે. સદર કામે આરોપી દવારા ફરીયાદીને રૂા. ૧,૫૦,૦૦૦/- પુરાનો ચેક આપવામાં આવેલ અને તે ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ''ના શેરા સાથે પરત ફરેલ. વધુમાં તેઓ જણાવે છે કે સદર કામે ફરીયાદી તેમના પુરાવાના સોગંદનામામાં તેમની આંક-૧ વાળી ફરીયાદને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ છે ફરીયાદમાનો ચેક આરોપીએ પોતાના કાયદેસરના લેણા પેટે આપેલ છે . સદર કામે આરોપી પક્ષે કોઈ પુરાવો રજુ રાખવામા ંઆવેલ નથી.

આમ, આ કામે ફરીયાદી દવારા તેમની ફરીયાદ પુરવાર કરેલ હોય તેમજ ફરીયાદીનું કાયદેસરનું લેણું હોય આરોપીને કાયદાથી નિર્ધારીત સજા કરવા જણાવેલ છે. જયારે આરોપી પક્ષ તરફે કોઈ દલીલો કરવામાં આવેલ નથી.

(૭) હાલની ફરીયાદના કામે રજુ થયેલ પુરાવો અને લેખીત મૌખીક રજુઆતો ધ્યાને લેતા સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે આરો પીએ પોતાના બેંક ઓફ બરોડા ખંભાલીયા શાખાના તેમના ખાતા નં. ૨૬૧૨૦૧૦૦૦૧૯૧૦૬ નો ચેક તા. ૧૫/૦૧/૨૦૨૫ ના રોજનો ચેક નાં. ૦૦૦૦૧૦ વાળો રૂા. ૧,૫૦,૦૦૦/- પુરા નો આપેલ અને તે ચેક ફરીયાદી એ પોતાની બેંકમા રજુ કરતા સદરહુ ચેક ''ફં ડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલા અને સદર તકરારી ચેક મુજબના નાણાં વસુલાતની માંગણાની નોટિસ આપ્યા છતાં ,આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ નહી ચુકવી આપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ શિક્ષા પાત્ર ગુન્હો કર્યો છે ?

૨. ***શું હુકમ ?***

ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૮) આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલા મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ તથા નકકી કરવામાં આવેલા મુદાના નિર્ણય પર પહોચવા માટેના મારા કારણો-તારણો નીચે મુજબ છે.

**<u>// કા ર ણો//</u>**

મુદા નં.૧ તથા ૨ પરસ્પર સંકળાયેલા હોય પુરવા તથા કાયદાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સદર બંને મુદાઓની ચર્ચા સયુંકત કરવી ન્યાયોચિત જણાતું હોય, મુદા નં.૧ તથા ૨ ની સયુંકત ચર્ચા કરવામાં આવે છે.

(૯) સૌ પ્રથમ એ જણાવવું જરૂરી છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ-૧૩૮ ધ્યાને લેતા આ કલમમાં અમુક જોગવાઈઓ આજ્ઞાત્મક છે કે જે આ કલમ હેઠળ ફરીયાદ દાખલ કરતા પહેલાની પૂર્વ શરતો છે, જેનું પાલન કરવું અનિવાર્ય છે, તે સિવાય આ કલમ હેઠળ ફરીયાદ લઈ શકાય નહી કે ફરીયાદ ચાલી શકે નહી જેથી તે અંગે પ્રથમ ચર્ચા કરવી જરૂરી છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ-૧૩૮ ની જોગવાઈ વંચાણે લેતા જે જોગવાઈ નીચે મુજબ છે.

**<u>Sec. 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account-</u>** Where any cheque drawn by a person on an

account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless-

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it was drawn or within the period of its validity, whichever is earlier.

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid, and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation- For the purposes of this section, “debt or other liability” means a legally enforceable debt or other liability.

હાલના આ કામે કલમ–૧૩૮ માં પરંતુક (એ) પ્રમાણે તે ચેક છ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી મર્યાદામાં બેંકમાં રજુ થયેલો હોવો જોઈએ. જે બાબતમાં આંક–૦૭ વાળો ચેક

તા. ૧૫–૦૧–૨૦૨૫ નો છે તે ચેક સમયમર્યાદામાં બેંકમાં ભરાયેલ છે જે રીટર્ન થયેલ છે. જેથી ફરીયાદ પક્ષે પરંતુક (એ) નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે.

પરંતુક (બી) ધ્યાને લઈએ તો, ચેક પરત આવ્યાથી દિન–૩૦ માં ચેકની રકમની માંગણી કરતી લેખિત નોટીસ આરોપીને ફરીયાદીએ આપેલી હોવી જોઈએ. આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ રીટર્ન મેમો જોતાં તેમાં ચેક તા. ૧૭/૦૨/૨૦૨૫ ના રોજ પરત ફરેલા છે. જેમાં તે ''**ફંડસ ઈનસફીસીયન્ટ**'' ના શેરા સાથે પરત આવેલ છે. જયારે આંક–૦૯ થી રજુ થયેલી નોટીસમાં તે નોટીસ તથા આંક– ૧૦ ધ્યાને લેતા તા. ૦૫/૦૩/૨૦૨૫ ના રોજ આ કામના આરોપીને જારી કરેલાનું જણાય છે. એટલે કે ફરીયાદીને ચેક પરત ફર્યાની જાણ તા.૧૭/૦૨/૨૦૨૫ ના રોજ થયા બાદ દિન–૩૦ માં એટલે કે તા. ૦૫/૦૩/૨૦૨૫ ના રોજ આરોપીને નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીના સરનામે આપવામાં આવેલ છે. આમ, ફરીયાદીએ ચેક પરત ફર્યાની જાણ થયાના દિન–૩૦ માં તે ચેકની રકમની માં ગણી કરતી નોટીસ આરોપીને આપેલ છે. જેથી ફરીયાદી દવારા કલમ–૧૩૮ ના પરંતુક (બી) નું પાલન કરવામાં આવેલ છે.

વધુમાં, પરંતુક (સી) મુજબ આરોપીને આંક–૧૧ ધ્યાને લેતાં ફરીયાદી દવારા જે રજીસ્ટર એ.ડી.થી નોટીસ મોકલવામાં આવેલ તે નોટીસ ૧૭/૦૩/૨૦૨૫ ના રોજ બજી

ગયેલ છે અને આ નોટીસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકના નાણા ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે આમ, આ કામે આરોપીએ તેવી કોઈ રકમ ચુકવી આપ્યાનો બચાવ પણ લીધેલ નથી. જેથી ફરીયાદ પક્ષ, કલમ–૧૩૮ ના પરંતુક (સી) મુજબનું પાલન આરોપી દવારા કરેલ ન હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ છે.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૪૨ (બી) વં ચાણે લેતા તમામ આજ્ઞાત્મક જોગવાઈનું પાલન થયા બાદ હાલની આ ફરીયાદ મુદતમાં કોર્ટ સમક્ષ દાખલ થયેલ છે. આમ, આ ફરીયાદ તમામ આજ્ઞાત્મક પુર્વ શરતોનું પાલન કર્યા બાદ દાખલ કરવામાં આવેલ છે જે ફરીયાદ મુદતમાં છે જેનો કોઈ બાધ નડતો નથી.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હો પુરવાર કરવા માટે આંક–૫ થી ફરીયાદીએ તેમનું પુરાવારૂપી સોગદનામું રજુ કરી સદર પુરાવારૂપી સોગંદનામાની સરતપાસમાં આંક–૧ થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન આપતી વિગતો જણાવેલ છે જેથી અત્રે પુનરાવર્તન ટાળવા માટે તે હકીકતનો ઉલ્લેખ કરેલ નથી. પરંતુ તેની ટુંકમાં વિગત અહી રજુ કરેલ છે. આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે આરો પીએ પોતાના બેંક ઓફ બરોડા ખંભાલીયા શાખાના તેમના ખાતા નં. ૨૬૧૨૦૧૦૦૦૧૯૧૦૬ નો ચેક તા. ૧૫/૦૧/૨૦૨૫ ના

રોજનો ચેક નાં. ૦૦૦૦૧૦ વાળો રૂા. ૧,૫૦,૦૦૦/– પુરાનો આપેલ. તે ચેક ફરીયાદી એ પોતાની બેંકમાં રજુ કરતાં સદર ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ''ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલો અને સદર તકરારી ચેક મુજબના નાણાં વસુલાતની માંગણાની નોટિસ આપ્યા છતાં, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ ચુકવી આપેલ નથી. આમ આરોપીએ નોટીસનો અમલ કરેલ નથી કે ચેકની રકમ ફરીયાદીને વસુલ આપેલ નથી. આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરતા, તેમા કોઈ ફરીયાદીની સરતપાસના સોગંદનામાની હકીકતનુ ખંડન કરતુ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ રહેલ છે તેમજ આ કામે આરોપી પોતાના રેકર્ડ પર પડેલ પુરાવા લગતનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ મુજબનુ વીશેષ નિવેદન નોંધવા સારૂ હાજર રહેલ ન હોય જેની તેને પુરતી તક આપવા છતા તેઓ હાજર રહેલ ન હોય, જેથી આરોપીના વીશેષ નિવેદન નોંધવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ દલીલના તબકકે પણ આરોપી તરફે પુરતી તક આપવા છતા કોઈ હાજર ન રહેતા આરોપીનો દલીલનો હકક બંધ કરવામા આવેલ છે.

(૧૧) સૌ પ્રથમ ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીને કોઈ કાયદેસરની લેણી રકમ કે બીજી જવાબદારી પેટે આપેલ છે કે કેમ, તે નકકી કરવું પડે. જે બાબતમાં ફરીયાદીએ તેમની ફરીયાદમાં તથા સોગંદનામામાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી

પાસેથી માલસામાનની ખરીદીના ચુકવવાની બાકી રકમ રૂા. ૧,૫૦,૦૦૦/- પુરા છે. તે લેણા પેટે ફરીયાદી ના નામનો પોતાના ખાતાનો ફરીયાદવાળો ચેક લખી આપેલ છે. આરોપી દવારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદી એ આરોપી પાસેથી કુલ રૂા. ૧,૫૦,૦૦૦/- પુરા લેવાના છે અને લેણા પેટે આરોપીએ પોતાના બેંક ઓફ બરોડા ખંભાલીયા શાખાના તેમના ખાતા નં. ૨૬૧૨૦૧૦૦૦૧૯૧૦૬ નો ચેક તા. ૧૫/૦૧/૨૦૨૫ ના રોજનો ચેક નાં. ૦૦૦૦૧૦ વાળો રૂા. ૧,૫૦,૦૦૦/- પુરાનો આપેલ છે. આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરતા, તેમા કોઈ ફરીયાદીની સરતપાસના સોગંદનામાની હકીકતનુ ખંડન કરતુ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ રહેલ છે

આમ, ફરીયાદીએ તેમની ફરીયાદમાં જણાવેલી હકીકતો તેમની સરતપાસ મારફતે સાબિત કરેલ છે. જયારે આરોપી પક્ષે તેમનો કોઈ બચાવ રજુ કરેલો નથી. આમ, ફરીયાદ પક્ષે ફરીયાદ વાળો ચેક આરોપીએ કોઈ લેણા કે જવાબદારી પેટે આપેલો હોવાનું સાબિત કરવાની પ્રાથમિક જવાબદારી નિભાવેલ છે. વધુમાં, ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેક કોઈ કાયદેસરની લેણી કે જવાબદારી પેટે આપેલો હોવાનું કોર્ટે અનુમાન કરી લેવાનું છે અને તેનાથી વિરૂધ્ધનું સાબિત કરવાની જવાબદારી આરોપીના શીરે છે. આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરતા,

તેમા કોઈ ફરીયાદીની સરતપાસના સોગંદનામાની હકીકતનુ ખંડન કરતુ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ રહેલ છે અને આરોપી તરફે આ ખંડન કરે તેવો કોઈ પુરાવો રજુ રાખેલ નથી.

**(૧૨)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ નીચે મુજબ છે.

**Sec. 139 : Presumption in favour of holder-** It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

જે મુજબ, વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી એવું માની લેવું જોઈશે કે, ચેકને ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ મા જણાવ્યા મુજબની કોઈ કાયદેસરની લેણી રકમ કે બીજી જવાબદારીના સંપુર્ણ કે અંશત: પાલન માટે જ મેળવેલો છે.

આરોપીને આ અનુમાનથી વિરુધ્ધનું સાબીત કરવું પડે અને અનુમાનનું ખંડન કરવું પડે. જે માટે આરોપીએ પોતે સાહેદ તરીકે જુબાની આપવાની જરૂર નથી. પરંતુ, પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝના ધોરણ મુજબ આરોપીએ શકયતાદર્શી પુરાવો આપવો પડે અને તેવો પુરાવો આરોપી દવારા ફરીયાદીની તથા તેના સાહેદોની ઉલટતપાસ દવારા પણ રજુ કરી શકે છે.

હાલના કામે આરોપીએ પોતે કોઈ પુરાવો રજુ કરી પોતાનો

બચાવ કરેલ નથી તથા આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરતા, તેમા કોઈ ફરીયાદીની સરતપાસના સોગંદનામાની હકીકતનુ ખંડન કરતુ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ રહેલ છે. તે સંજોગોમાં આરોપી ઉપર જે કલમ–૧૩૯ મુજબનો સાબીતીનો બોજો છે તે આરોપીએ નિભાવેલ નથી અને ફરીયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરેલ નથી. ફરીયાદ પક્ષે આરોપીએ ફરીયાદી પાસેથી હાથઉછીની રકમ લીધેલ છે અને તે લેણી રકમની ચુકવણી પેટે ફરીયાદવાળો ચેક આપેલો હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષે આંક–૦૭ થી આરોપીએ આપેલ ચેક રજુ કરેલો છે. જે આંક–૦૮ વાળો રીટર્ન મેમો મુજબ ''**ફંડસ ઈનસફીસીયન્ટ**'' ના શેરા સાથે પરત ફરેલ છે. ફરીયાદીએ આરોપીને આંક–૦૯ વાળી નોટીસ આપેલ છે અને તે નોટીસ બજી ગયેલ છે પરંતુ આરોપીએ તે નોટીસનો જવાબ આપેલો નથી કે પોતાનો કોઈ બચાવ રજુ કરેલો નથી. જેથી આરોપીએ ફરીયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ અનુમાનનું ખંડન કરેલ નથી.

**(૧૩)** વધુમાં, હાલના કેસમાં ફરીયાદીએ રજુ કરેલ આંક–૦૮ વાળો રીટર્ન મેમો જોતા તે રીટર્ન મેમો આરોપીની બેંક દવારા આપવામાં આવેલ છે જેમાં ફરીયાદી વાળો ચેક''**ફંડસ ઈનસફીસીયન્ટ**'' ના શેરા સાથે પરત કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, તે રીટર્ન મેમામાં તકરારી ચેકના નંબર લખેલા છે. આમ

આ કામે આરોપીએ ફરીયાદીને તકરારી ચેક આપી પોતાના ખાતામાં પુરતુ ભંડોળ ન રાખેલ. તેવું માનવાને કારણ રહે છે.

**(૧૪)** આમ, સમગ્ર રીતે ફરીયાદ પક્ષ સાબીત કરવામાં સફળ રહેલ છે કે, ફરીયાદીની રકમ લેણી પડે છે, જેની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને તકરારી આંક–૦૭ વાળો ચેક આપેલો. જે ચેક આરોપીની બેંક દવારા "**ફંડસ ઈનસફીસીયન્ટ**" ના શેરા સાથે વગર સ્વિકારાચે પરત ફરેલ હોઈ આરોપીએ ઘી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલો હોવાનું સ્પષ્ટ સાબીત થાય છે. આરોપી પક્ષ કલમ–૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે.

**(૧૫)** આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરતા, તેમા કોઈ ફરીયાદીની સરતપાસના સોગંદનામાની હકીકતનુ ખંડન કરતુ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ રહેલ છે, તે સં જોગોમાં ફરીયાદીએ તેમની ફરીયાદમાં, જુબાનીમાં તથા રજુ કરેલ દસ્તાવેજોની સંપૂર્ણ વિગતોથી ફરીયાદ સાબીત કરેલ છે તેમ સ્પષ્ટપણે કહી શકાય. આમ, ફરીયાદ, રજુ દસ્તાવેજો તથા મૌખીક પુરાવા અને દલીલને ઘ્યાને લેતાં આરોપીએ આપેલ આં ક–૦૭ વાળો ચેક ફરીયાદીને કાયદેસરની લેણી રકમ પેટે આપેલા હોવાનું તથા તે "**ફંડસ ઈનસફીસીયન્ટ**" ના શેરા સાથે વગર સ્વિકારાયે પરત આવેલો હોઈ અને આરોપીને ફરીયાદીએ નોટીસ આપવા છતાં અને આરોપીને નોટીસની જાણ થવા છતાં આરોપીએ

તે ચેકની રકમ ફરીયાદીને ચુકવી નહી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું સાબીત થાય છે. આમ, ફરીયાદ પક્ષની દલીલોમાં વજુદ જણાય છે અને ફરીયાદ પક્ષની રજુઆતો માનવાપાત્ર જણાય છે. જેથી મારો મુદા નં.૧ નો જવાબ હું હકારમાં ઠરાવું છુ અને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

૧. આ કામના આરોપી  અક્ષય જમનભાઈ ચોપડા, રહે. આં બાવાડી સ્કુલ પાછળ, ધરમપુર, તા. ખંભાળીયા, જી. દેવભુમિ દ્વારકાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨) હેઠળ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામા તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામા આવે છે.

૨. આરોપીના સજા અંગે સંભાળવા પર મુલત્વી.

હુકમ આજ તા.૧૮, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮.૦૩.૨૦૨૬
મુ.ખંભાળીયા

**(ધ્રુવરાજસિંહ બી.ચૌહાન)**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા
**(JUDGE Code: GJ01732)**

**<u>:: આરોપીની સજા લગતની દલીલ ::</u>**

(૧) ફરીયાદી તરફે એવી રજુઆત કરવામા આવેલ છે કે, આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબનો ગુન્હો પુરવાર કરવામા ફરીયાદી સફળ રહેલ હોય આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના શીક્ષાપાત્ર ગુન્હાના મહતમ સજા અને ચેકની બમણી રકમનો દંડ કરી પુરેપુરુ વળતર ફરીયાદીને અપાવવુ જોઈએ. આરોપી કે આરોપી તરફે કોઈ હાજર નથી.

(૨) હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શુ આરોપીને ગેરહાજરીમા આરોપીને તકસીરવાન ઠરાવવાનો ચુકાદો અત્રેની અદાલત ધ્વારા જાહેર કરી શકાય કે કેમ? તે સંબધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ાનમદાર ગુજરાત વડી અદાલતે Criminal misc. Application No. u19862/2015, dt. 14.11.2016, Para 16 & 17 મા ઠરાવેલ છે કે, જયારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીને નામદાર અદાલત સમક્ષ હાજર થવાની પવિત્ર ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવાની આરોપીને પુરતી તક આપવામા આવેલ છે તેમ છતા આરોપી કે તેના તર્ફે કોઈ હાજર ન રહી કોઈ કેસની ન્યાયીક કાર્યવાહીમાં ભાગ લીધેલ નથી. આથી આરોપીને તેની ગેર હાજરીમા તકસીરવાન ઠરાવીને સાજાને હુકમ કરી શકાય છે.

(૩) આમ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના કાયદાની જોગવાઈ, સમાજમા દિન પ્રતિદીન આવા પ્રકારના

ગુન્હાનું પ્રમાણ વધતુ અન્ય ગુનેગારોમા દાખલો બેસ ` તે રીતે સમાજના હિતમા અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના ઘડવૈયાનો ઉદેશ લક્ષમા રાખી, તથા હાલના ફરીયાદીને આરોપીએ આંક–૨૪ વાળી પુરસીસથી આરોપીએ ફરીયાદીને કોઇ રકમ ચુકવેલ નથી તે હકીકત જાહેર કરે છે, તે હકીકત  જહેર કરેલ છે. જેને ધ્યાને લઈ હાલના આરોપીને નીચે મુજબની સજા કરવાનુ મને ન્યાયોચીત જણાતુ, હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

:: **<u>હુકમ</u>** ::

(૧) ક્રિમીનલ કેસ નં. ૮૮૫/૨૦૨૫ ના કામે આરોપી  અક્ષય જમનભાઈ ચોપડા, રહે. આંબાવાડી સ્કુલ પાછળ, ધરમપુર, તા. ખંભાળીયા, જી. દેવભુમિ દ્વારકા નાઓને બી.એન.એસ.એસની કલમ–૨૭૮ (૨) અન્વયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ દોષિત ઠરાવીને બે વર્ષ ની સાદી કેદની સજા  ભોગવવાનો અને રૂા. **૧,૫૦,૦૦૦/–** (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા)  દંડ તરીકે ભરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ જણાવેલ દંડની રકમ જમા ન કરાવ્યેથી ડીફોલ્ટ પેટે વધુ ૪ (ચાર) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ, જણાવેલ

દંડની રકમ જમાં કરાવ્યેથી તે રકમ રૂા. **૧,૫૦,૦૦૦/–** (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવા.

(૪) વધુમાં આરોપીએ હાલના ગુનાના કામે જો કોઈ સજા ભોગવેલ હોય તો તે મજરે આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપી આજરોજ પણ હાજર નથી જેથી આરોપી વિરુધ્ધ પકડ વોરંટ કાઢવા હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપી પકડાઈ આવેથી સજા વોરંટ ભરવા તથા આ હુકમની ખરી નકલ આરોપી ને વિનામુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપીના જામીન તથા જામીન ખત જો હોય તો રદ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૧૮ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૮.૦૩.૨૦૨૬<br>
મુ.ખંભાળીયા

**(ધ્રુવરાજસિંહ બી.ચૌહાન)**<br>
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>
ખંભાળીયા, જી.દેવભુમિ ધ્વારકા<br>
**(JUDGE Code: GJ01732)**